No Pages to Display

અશોક બાલપુસ્તકમાળા ☆ પુસ્તક : ૫ મું

# કેશુડાં

☆

સંગ્રાહક : ઉમિયાશંકર મુગટરામ જોષી

સંપાદકો : નાગરદાસ ઈ. પટેલ

રમણલાલ નાનાલાલ શાહ

☆

ચાર આના

બાલવિનોદ કાર્યાલય

૧૪૯ પ્રિન્સેસ સ્ટ્રીટ : મુંબઈ :

આવૃત્તિ પહેલી : મે '૩૫ બીજી : ઑકટો '૩૭ ત્રીજી : જાન્યુ '૪૨
ચોથી : જુન '૪૪ પાંચમી : '૪૫ છઠ્ઠી : '૪૭

સર્વ હક્ક પ્રકાશન સંસ્થાને સ્વાધીન

☆

મુંબઇ સરકારના કેળવણી ખાતા અને વેસ્ટર્ન ઈંડિયા સ્ટેટસ એજન્સી તરફથી મંજૂર

☆

આ ચોપડીમાં સંગ્રહેલાં ગીતો પાલણપુર બાલમંદિરનાં બાળકોમાં પ્રચલિત છે. બાળારામની નિસર્ગભૂમિ પાલણપુરનું કાશ્મીર છે. એનાં ઝરણાં પ્રભુના અદ્દ્ભુત સંગીતનું અવિરત પાન કરાવે છે. એનો મંજુલ કલરવ, થાકેલા હૃદયને શાંતિ આપે છે; અને એ બાળારામની કુંજેકુંજે ખીલતી વસંતને કેસરવર્ણાં સુવર્ણરંગી કેશુડાં લોભામણાં અને મનોહર લાગે છે. વનશ્રીને વાચા ફૂટે છે અને આંખ અતૃપ્ત રહે છે. બાળારામ મારે મન વ્રજભૂમિ છે, નંદનવન છે. એનાં આકર્ષણ આ પુસ્તકને કેશુડાં નામ અપાવે છે. એ અનુરૂપ લાગણી કહે છે, કે આનું નામ કેશુડાં.

—લેખક

મુદ્રક
રામદાસ ઇ. પટેલ
રજની પ્રિન્ટરી
એકસો ઓગણપચાસ : પ્રિન્સેસ સ્ટ્રીટ :

☆
☆☆

પ્રકાશક
નાગરદાસ ઇ. પટેલ
બાલવિનોદ કાર્યાલય
મુંબઈ – ૨

☆

☆ કેશુડાં ☆

☆

## મધુવનમાં

કોઇ મને પ્રભુજી બતાવો રે મધુવનમાં.
મધુ રે વનમાં, શ્રી ગોકુળમાં—કોઇ.

તારી કૃપાનો હું પાર ન પામું
મનમાં ફરે છે પ્રભુ તનમાં રે, મધુવનમાં—કોઇ.

હાર જ તૂટ્યો ને શિર જ ભાંગ્યાં
નીર તો ઝરે છે લોચનમાં રે, મધુવનમાં—કોઇ.

ઢુંઢત ઢુંઢત વ્રજનારી રે ઢૂંઢી
વ્યાકુળ થઇ મારા મનમાં રે, મધુવનમાં—કોઇ.

ખોજત ખોજત જગકે લોકો
હરિ વસે છે હરિજનમાં રે, મધુવનમાં—કોઇ.

બાઇ મીરાં કહે પ્રભુ ગિરધરના ગુણ
આવી મળ્યા છે એક પળમાં રે, મધુવનમાં—કોઇ.

☆

## તમે પ્રીત તોડો પ્રભુ

તમે પ્રીત તોડો પ્રભુ. હું નહિ તોડું રે.
તારી પ્રીત તોડી પ્રભુ, કોની સાથ જોડું રે.
તમે બનો ગિરિવર પ્રભુ, હું તો જ મોર રે.–તમે.
તમે બનો ચંદ્ર પ્રભુ, હું તો ચકોરી રે.–તમે.
તમે બનો સાગર પ્રભુ, હું તો મચ્છીઆં રે.–તમે.
તમે બનો ભઠ્ઠી પ્રભુ, હું તો જ સોનું રે.–તમે.
તમે બનો ધાગો પ્રભુ, હુ તો જ મોતી રે.–તમે
બાઇ મીરાં કહે છે પ્રભુ, વ્રજડાના વાસી રે.–તમે.
તારી પ્રીત તોડી પ્રભુ, કોની સાથે જોડું રે.–તમે.

☆

## તુમસે લગી તાલી

તુમસે લગી તાલી પ્રભુ, તુમસે લગી તાલી
રણછોડરાયને નોતરૂં દેવા, હું તો વહેલી ચાલી.–તુમસે.
હાથમાં કંકાવટી ને ચાંલ્લો કરવા ચાલી.–તુમસે.
ચોપી પહેરી ચણિયો પહેર્યો, ભૂલ ગઇ સાડી–તુમસે.
નાકની રે નથડી મેં તો, આંગળીએ પહેરી.–તુમસે.
ખીચડીમાં ખાંડ નાંખી, ખીર થેઇ ખારી.–તુમસે.
નરસૈંયાના સ્વામી મને તુમસે લગી તાલી.

☆

## છનનન છુમછુમ

છનનન છુમછુમ ઝાંઝર ઝમકે,
મોર મુગટ પીત પટકુળ સોહે.—છનનન છુમછુમ.
ફરફર ફરકે ચટક ચુંદડિયો,
ભરતી ડગ તાને વાદળીયો.—છનનન છુમછુમ.
વાગે મૃદગ તનનન તોમ—તોમ,
છનનન છુમછુમ ઝાંઝર ચમકે.

☆

## લે ને તારી લાકડી

લે ને તારી લાકડી, લે ને તારી કામળી,
વાછરૂં ચરાવવા નહિ જાઉં માવલડી.
માખણ તો બળભદ્રે ખાધું
અમને મળી ખાટીખાટી છાશલડી....લે ને.
વૃંદાવનને મારગ જાતાં,
પગમાં ચૂમે ઝીણી ઝીણી કાંકરડી....લે ને.
દાદૂર મોર પપૈયા બોલે,
બીજાવે કહી કાળી કરસનડી....લે ને.
મીરાં કહે પ્રભુ ગિરધરના ગુણ,
ચરણ કમળ ચિત્ત રાખલડી....લે ને.

☆

# રથ ફેરો ગોકુળ રથવાળા

હાં રે રથ ફેરો ગોકુળ રથવાળા
હાં રે તમે નંદ જશોદાના લાલા....ગોકુળ.

ગાયો રે તલપે વાછરૂં રે તલપે
તલપે ગોપ બિચારા....ગોકુળ.

ગંગાજી તલપે જમાનાજી તલપે
તલપે નદીઓ નાળાં....ગોકુળ.

ચાંદો રે તલપે સૂરજ તલપે
તલપે નવલખ તારા....ગોકુળ.

પ્રભુજી વિનાની ગોપીઓ તલપે
તલપે પ્રાણ અમારા...ગોકુળ.

હાં રે રથ ફેરો ગોકુળ રથવાળા
હાં રે તમે નંદ જશોદાના લાલા....ગોકુળ.

✡

# માધવ નાચે

મેહુલો ગાજે ને માધવ નાચે,
રૂમઝુમ વાજે પાય ઘુઘરડી રે;
તાલ પખાજ બજાવે રે ગોપી
કૃષ્ણ બજાવે વેણુ વાંસલડી રે....મેહુલો.

પહેરણ ચરણાં ને ચીર ચુંદલડી,
ઓઢણ આછી લોમલડી રે;
દાદુર મોર બપૈયા રે બોલે,
મીઠી શી એવી કોયલડી રે....મેહુલો.

ધન્ય બંસીધર ધન્ય જમુનાતટ,
ધન્ય વૃંદાવન અવતાર રે:
ધન્ય નરસૈયાની મીઠી જીભલડી,
જેણે ગાયો રાગ મલ્હાર રે.

મેહુલો ગાજે ને માધવ નાચે,
રૂમઝુમ વાજે પાય ઘુઘરડી રે.

☆

# અડવડ દડવડ નગારાં વાગે

અડવડ દડવડ નગારાં વાગે,
હરહર ગોમતી ગાજે રે
બંગલા ફક્કડ બનાયા.
ગાડેગાડે તે વીરે ઈંટો મંગાવી.
ઈંટોના ઓરડા ચણાવો રે
બંગલા ફક્કડ બનાયા.
ગાડેગાડે તે વીરે સોપારી મંગાવ્યા
સોપારીની પૂરણી પૂરાવો રે
બંગલા ફક્કડ બનાયા.
ગાડેગાડે તે વીરે લવિંગ મંગાવ્યાં
લવિંગની બારીઓ મેલાવો રે
બંગલા ફક્કડ બનાયા.
ગાડેગાડે તે વીરે એલચી મંગાવી,
એલચીનાં નળિયાં મેલાવો રે
બંગલા ફક્કડ બનાયા.
ગાડેગાડે તે વીરે કંકુ મંગાવ્યાં
કંકુનાં ગારિયાં કરાવો રે
બંગલા ફક્કડ બનાયા.

☆

# ગોઝારો મેહુલો

મેહુલો! ઊંડા ગાજે રે ઉતાવળો:
મેહુલા! તુળસીના ક્યારા સુકાઇ ગયા.
ન આવ્યો ગોઝારો મેહુલો.

મેહુલા! ઊંડા ગાજે રે ઊતાવળો.
પાણી આરી દે છે શાપ
ન આવ્યો નમેરો મેહુલો.

હળખેડુએ મેલ્યાં ધોરી ધૂસરાં,
હળખેડુએ મેલી બેવડ રાસ,
ન આવ્યો નમેરો મેહુલો.

આરી ટોપલડીમાં પુણિયો
આરા કાંત્યાના દા'ડા ન જાય;
ન આવ્યો નમેરો મેહુલો.

આરી ટોપલડીમાં ઢીંગલાં
આરા રમ્યાના દા'ડા ન જાય;
ન આવ્યો ગોઝારો મેહુલો.

☆

## વાદળ ઉમટ્યાં

દળ હાલ્યાં ને વાદળ ઉમટ્યાં !
ગોકુળમાં ટહુક્યા મોર,
 મળવા આવો સુંદર વર શામળિયા.
તમે મળવા ના’વો શા માટે ?
તમે જનમ જનમના ચોર,
 મળવા આવો સુંદર વર શામળિયા.
તમે ગોકુળ ગોધણ ચારંતા
તમે ભરવાડના ભાણેજ
 મળવા આવો સુંદર વર શામળિયા.
મે’તા નરસૈયાના સ્વામી શામળિયા
અમને તેડી રમાડ્યાં રાસ
 મળવા આવો સુંદર વર શામળિયા.

☆

## બ્હેનબા પાણી ભરે

પાણી ભરે રે, પાણી ભરે,
મારાં નાનેરાં બેનબા પાણી ભરે.
સોનાના બેડલે પાણી ભરે
મારાં કોકિલા બેનબા પાણી ભરે.
રૂપા ઈંઢોણીએ પાણી ભરે,

મારાં રત્નપ્રભા બ્હેન પાણી ભરે.
વીરાને પીવા પાણી ભરે,
તરસ્યાને પીવા પાણી ભરે,
મારાં ચન્દ્રિકા બેનબા પાણી ભરે.
મોતી ઈંઢાણીએ પાણી ભરે,
પાણી ભરે ને મોતી ઝરે,
મારાં વનમાલા બેનબા પાણી ભરે.

☆

## મોગરાની માળ

મોગરાની માળ, મારી મોગરાની માળ,
નાની રસાળ, મારી મોગરાની માળ.
બેને વીણેલ કળી,
બાએ ગુંથેલ વળી,
કંઠે લટકંત મારી મોગરાની માળ.
મોગરાની માળ, મારી મોગરાની માળ.
આમ ફરે, તેમ ફરે
ચક્કર ચક્કર ફુદડી લે.
તૂટી તૂટી શું મારી મોગરાની માળ.
મોગરાની માળ, મારી મોગરાની માળ.
દેવ તણે ચરણ મારી મોગરાની માળ.
પ્રભુ તણે ચરણ મારી મોગરાની માળ.

☆

## નાચે છે મોર

નાચે છે મોર, મારો નાચે છે મોર,
લીલેરી જાજમે નાચે છે મોર,
ચમકે વિજલડી આંજતી આંખલડી,
તોફાની વાયરો કરતો શું જોર;
નાચે છે નાચ મારો રઢિયાળો મોર.
નાચન્તો ટહુકંતો ભાન ભૂલે મોરલો,
સુંદર કળાયલ મીઠડિયો હો
નાચે છે મોર મારો નાચે છે મોર.
લીલેરી જાજમે નાચે છે મોર.

☆

## હંસનું ગાણું

દરિયાના બેટથી ઊડ્યા અમે તો,
હીમાળા ડુંગરે જાવાંજી રે!
સાત સાત સમદર છોડી અમારે,
માનસરોવરમાં ન્હાવાં જી રે!
લુમે દાડમડી ને ઝૂમે જમરૂખડી.
મોતી માનસરવરનાં ખાવાંજીરે!
વન વન સેવંતી વેરે પાંખલડી,
સરતાં પંકજડાં ફસાવાંજીરે!

જગના પ્રવાસે અમે ઊડતાં પંખીડલાં,
માનસ સરવા જવાંજી રે. !
આભ ચીરીને અને અવનિ ઉભરાવી,
છેલ્લાં કો હંસગીત ગાવાંજી રે !

☆

## છબ્‌છબિયાં

મારા ઘર આંગણિયા પાસ,
છબ–છબ છબછબિયાં.
ભર્યાં મેહુલિયે ઝીણી ધાર,
છબ–છબ છબછબિયાં.
કીધાં રમવાને રૂડાં કાજ,
છબ–છબ છબછબિયાં.
તેમાં નાચું–કૂદું થાય,
છબ–છબ છબછબિયાં.
મારા પગનાં તળિયાં ન્હાય,
છબ–છબ છબછબિયાં.
કેટકેટલાં કુંડાળાં થાય,
છબ–છબ છબછબિયાં.
એક આવે ને બીજું જાય,
છબ–છબ છબછબિયાં.

વનમાળા ને લોપા ન્હાય.
છબ-છબ છબછબિયાં.

☆

## ફૂલ મારાં

વ્હાલુડાં ફૂલ મારાં વ્હાલુડાં ફૂલ.
હસતાં મંજૂલ મારાં વ્હાલુડાં ફૂલ
રૂડાં રંગીલાં ને
મીઠાં ગંધીલાં,
નાનાં નાજુકડાં વ્હાલુડાં ફૂલ,
દોસ્તો બટુકડાં ઘેલુડાં ફૂલ.
પવનમાં ડોલતાં,
પાંખડીઓ ખોલતાં
મનમનમાં બોલતાં વ્હાલુડાં ફૂલ.
બાગે કલ્લોલતાં ઘેલુડાં ફૂલ.
રજનીભાઇને હાથે,
ચંદ્રિકાને માથે,
શણગાર ધરતાં વ્હાલુડાં ફૂલ.
શોભા વધારતાં ઘેલુડાં ફૂલ.

અરવિંદને હાથે ને
વનમાળાને માથે
શણગાર ધરંતાં વ્હાલુડાં ફૂલ.
શોભા વધારતાં ઘેલુડાં ફૂલ.

☆

## સીંચું છું પાણી

સીંચું છું પાણી, સખી સીંચું છું પાણી.
રંગે ઉમંગે હું સીંચું છું પાણી.

તુલસીની માંજર ને આંબાનો મોર.
વાસે મ્હેકે છે અહીં સીંચું છું પાણી.

ખીલ્યો ગુલાબ ને ફુલેલ મોગરો,
ચંબેલી વેલીને સીંચું છું પાણી.

વેલી મંડપ ને મીઠી ઠંડકમાં,
લ્હેરે પવન મધુ સીંચું છું પાણી.

સોનેરી ચંપો ને મહેકે કેવડીઓ.
વધે આનંદ મારો સીંચું છું પાણી.

☆

## આ મં ત્ર ણ

આવો પારેવાં આવો ને ચકલાં,
ચોકમાં દાણા નાખ્યા છે.
આવોને કાગડા, આવોને હોલાં,
ચોકમાં દાણા નાખ્યા છે.
આવોને મોરલા લાવોને ઢેલને,
ચોકમાં દાણા નાખ્યા છે.
આવો પોપટડા, મૈનાને લાવજો
ચોકમાં દાણા નાખ્યા છે.
આવો કાબરબાઇ, કલબલ ન કરજો,
ચોકમાં દાણા નાખ્યા છે.
બંટી ને બાજરો, ચોખા ને બાવટો,
ચોકમાં દાણા નાખ્યા છે.
ધોળી છે જાર ને ઘઉં છે રાતડા,
ચોકમાં દાણા નાખ્યા છે.
નિરાંતે ખાજો, આનંદે ખુંદજો,
ચોકમાં દાણા નાખ્યા છે.
આવો પારેવાં આવોને ચકલાં,
ચોકમાં દાણા નાખ્યા છે.

☆

Kalbadevi Bulbun-ji-Bari
431, Kalbadevi Road,
BOMBAY, 2

# ફેર ફૂંદરડી

અમે ફેર ફૂંદરડી ફરતાં'તાં
અમે ફેર ફૂંદરડી ફરતાં'તાં
ફેર ફૂંદરડી ફરતાં ફરતાં.
પડી જવાની કેવી મઝા!
ભાઇ, પડી જવાની કેવી મઝા!
અમે સંતાકુકુડી રમતાં'તાં
અમે ખોળમખોળા કરતાં'તાં
ખોળમખોળા કરતાં કરતાં (૨)
ખોવાઇ જવાની કેવી મઝા! ભાઇ.
અમે સાત તાળી રમતાં'તાં
અમે દોટમદોટા કરતાં'તાં.
દોટમદોટા કરતાં કરતાં (૨)
બેસી જવાની કેવી મઝા! ભાઇ.
અમે બિલ્લી-ઉંદર રમતાં'તાં
અમે ચું ચું મ્યાઉં-મ્યાઉં કરતાં'તાં
ચું-ચું મ્યાઉં-મ્યાઉં કરતાં કરતાં (૨)
નાસી જવાની કેવી મઝા! ભાઇ.
અમે ફેર ફૂંદરડી ફરતાં'તાં.
અમે ફેર ફૂંદરડી ફરતાં'તાં.

✫

## પ્રભાતનો છડીદાર

કૂકરે કૂક, કુકરે કૂક, બોલે કૂકડો,
જાગો ઓ લોક! જાગો ઓ લોક! બોલે છે કૂકડો

ધરતીની ધારે, ધરતીની ધારે,
આભને આરે, આભને આરે,
વહેલી સવારે, વ્હેલી સવારે.

જો પેલો સૂરજ ઊગે, જો પેલો સૂરજ ઊગે,
કિરણ ફોરે ફૂટે, કિરણ ફોરે ફૂટે
તેજ ધારા છૂટે જો તેજ ધારા છૂટે
નીંદર સૌની ખૂટે નીંદર સૌની ખૂટે
લાલ રંગ છાયા, ગુલાબી રંગ છાયા.
સૂનેરી રંગ છાયા, ચંપાઇ રંગ છાયા.

ચમકતી કાયા, ચમકતી કાયા,
હું એ જોતો'તો, હું એ જોતો'તો.

મારી વ્હેની જોતી'તી, મારી વ્હેની જોતી'તી
આંખો મીંચાતી, મારી આંખો મીંચાતી.

ભાઇ ને વ્હેન અમે હસી પડ્યાં.
હસી પડ્યાં ને પછી ભેટી પડ્યાં.

☆

# મારૂં વતન

મારું વતન, આ મારું વતન,
વ્હાલું વ્હાલું મને, મારું વતન.

જેની માટીની મારી કાયા ઘડેલી,
તેને કરું હું કોટિ કોટિ નમન.
મારું વતન.

રાણા પ્રતાપ ને શિવાજી શૂરવીર,
મારા વતનનાં એ મોંઘાં રતન.
મારું વતન.

બાલ અને લાલ વળી, દાદા ને દાસજી,
જેણે સમર્પ્યું છે સારું જીવન.
મારું વતન.

વ્હાલા વતનની બેડીઓ તોડવા,
હોંસે ઓવારૂં હું તન મન ધન.
મારું વતન.

☆

# લવિંગ કેરી લાકડીએ

લવિંગ કેરી લાકડીએ રામે સીતાને માર્યાં જો.
ફૂલ કેરે દડુલિયે સીતાએ વેર વાળ્યાં જો.
રામ તમારે બોલડીયે હું પરઘેર દળવા જઈશ જો.
તમે જશો જો પરઘેર દળવા હું ઘંટુલો થઈશ જો.
રામ તમારે બોલડીયે હું પરઘેર ઘંટી થઈશ જો.
તમે થશો જો પરઘેર ઘંટી હું ઢંકારો થઈશ જો.
રામ તમારે બોલડીયે હું જળ માછલડી થઈશ જો.
તમે થશો જો જળનીરે માછલી હું માછીડો થઈશ જો.
રામ તમારે બોલડીયે હું આકાશ વીજળી થઈશ જો.
તમે થશો જો આકાશ વીજળી હું મેહુલિયો થઈશ જો.
રામ તમારે બોલડીયે હું બળીને ઢગલો થઈશ જો.
તમે થશો જો બળીને ઢગલો હું ભભુતિયો થઈશ જો.
લવિંગ કેરી લાકડીએ રામે સીતાને માર્યાં જો.
ફૂલ કેરે દડુલિયે સીતાએ વેર વાળ્યાં જો.

☆

## બાલમંદિરિયું

બાલમંદિરિયું બાલમંદિરિયું,
અમારૂં સુંદર સોહાય, વ્હાલું મારું બાલમંદિરિયું.
સવારે સૂરજ હસતો રે આવે,
સાંજે હસી હસી જાય,
વ્હાલું મારું બાલમંદિરિયું.
સવારે સૂરજ સોનલાં રે વેરતો,
સાંજે કંકુડાં ઢોળાય,
વ્હાલું મારું બાલમંદિરિયું.
બ્રાહ્મણોના વાસ પાસે મંદિર અમારું.
દેરાની જાણે ધજાય,
વ્હાલું મારું બાલમંદિરિયું.
સવારે રજુભાઇ હસતા રે આવે,
સવારે લોપાબેન હસતાં રે આવે,
સાંજે હસી હસી જાય,
વ્હાલું મારું બાલમંદિરિયું.
જુગ જુગ જીવજો દેવોની ભુમિકા,
હૈયાનાં હેત, ઉભરાય,
વ્હાલું મારું બાલમંદિરિયું.

☆

# દે દેવી વરદાન !

ભગવતી જનની પુજ્ય સરસ્વતી
દે દેવી વરદાન.

મ યુ ર વા હિ ની વીણાધારિણી
દે દેવી વરદાન.

શુભ્ર વસ્ત્રધારિણી નમે બ્રહ્મ મહાન
અચલિત કરવા સાર સરસ્વતી
દે દેવી વરદાન.

આનંદે અમે વધાવીએ સૌ
અ વિ ના શી બ ળ વા ન
દે દેવી વરદાન.

બાળકો કરે છે પ્રણામ, સરસ્વતી
દે દેવી વરદાન.

☆

# મેંદી

મેંદી મૂકી, મેંદી મૂકી, મેંદી મૂકી રે.
હાથે મૂકી, પગે મૂકી, પાનીએ મૂકી રે.
લાલ રંગાશે, લાલ રંગાશે, લાલ રંગાશે રે.
મેંદી મૂકી, મેંદી મૂકી, મેંદી મૂકી રે.

ઝબકી જાગી, ઝબકી જાગી, ઝબકી જાગી રે.
બચી જાગી, લોપા જાગી, કોકિલા જાગી રે.
મેંદી મૂકી, મેંદી મૂકો, મેંદી મૂકી રે.

મેંદી છોડી, મેંદી છોડી, મેંદી છોડી રે.
લાલ રંગાયા, લાલ રંગાયા, લાલ રંગાયા રે.
મેંદી મૂકી, મેંદી મૂકી, મેંદી મૂકી રે.

જુઓ જુઓ ભાઇ! જુઓ શાન્તિબેન!
હાથ રંગાયા રે, લાલ રંગાયા રે, પગ રંગાયા રે.
મેંદી છોડી, મેંદી છોડી, મેંદી છોડી રે.
મેંદી મૂકી ,મેંદી મૂકો, મેંદી મૂકી રે

☆

## કેશુડાં

અજવાળી રાતે રે, કે ચાંદો ચમકે છે.
રૂપેરી રાતે રે, કે તારા ટમકે છે.
પેલી ગાવડીની ડોકે રે, કે ઘુઘરા ઘમકે છે.
પેલા કાનજીને માથે રે, કે છોગલાં લટકે છે.
એના હાથના લહેકે રે, કે મન મારું હલકે છે.
મારી નાનેરી બ્હેન તું રે, મુખડું મલકે છે.
એની આંખોની પાંપણ રે, કે પલપલ પલકે છે.
પેલી નાની શી ટીલડી રે કે ભાલે ઝળકે છે.
પેલી નાની શી ગાગર રે, કે માથે છલકે છે.

☆

## ઉંદરમામા

ચું—ચુ કરતા ચીસો પાડે.
તેલ ઢોળે,
વાસણ ફોડે,
ધોળે દહાડે કાણાં પાડે.
બિલ્લીથી એ ડરતા ફરતા.
ચોરી કરતા.
રાતે ચરતા.
ભીંતો ઘરની પોલી કરતા.
ઊંઘ મઝેની રાતે છોડી.

ઘીની બરણી તોડી ફોડી.
સંતાડેલું ખોળી ખોળી.
ઘોળે હાંડે
લીંડી પાડે,
પુસ્તક–પોથી કપડાં ફાડે.
મીનીમાશી ચાલી આવે.
દરમાં જાશે,
જઇ ભરાશે,
એવા નઠારા ઉંદરમામા!

☆

## આવ મારા પોપટ

મેં રે પોપટ તને વારિયો હો પોપટ.
રાસડે રમવા આવ્ય મારા પોપટ.
જાજે શંકરભાઇને મો'લ મારા પોપટ.
તુજને ઘડાવશે ઘુઘરા હો પોપટ.
હરખે ઘડાવશે હાર મારા પોપટ!

....૨

મેં રે પોપટ તને વારિયો હો પોપટ.
ઢીંગલે રમવા આવ્ય મારા પોપટ.
જાજે વસંતભાઇને મો'લ મારા પોપટ.
ત્યાં રે કાન્તાબેન છેલ મારા પોપટ.

તુજને ઘડાવશે દામણી હો પોપટ.
હરખે ખવડાવશે દાળિયા હો પોપટ!

૩

જાજે કંચનબેનને મો'લ મારા પોપટ.
ત્યાં રે તિલાબેન છેલડાં હો પોપટ.
સોને મઢાવશે પીંજરાં હો પોપટ.
હીરલાદોરી હાથ મારા પોપટ.
મેં રે પોપટ તને વારિયો હો પોપટ.
રાસડે રમવા આવ્ય મારા પોપટ!

## તું એક વાર બોલે જો

જળકુકડી રે જળકુકડી.
તું એક વાર બોલે જો,
તું બે વાર બોલે જો,
તને વનમાળા બોલાવે,
તને કોકિલા બોલાવે,
ના....હું નહિ બોલું.
આવ રે રૂપાળા મોર મારા.
તું એક વાર નાચે જો,
તું બે વાર નાચે જો,
તને અરવિંદભાઈ બોલાવે,

…ના હું નહિ આવું.
ના હું નહિ આવું.
આવ રે ઢળકતી ઢેલ મારી
તું એક વાર બોલે જો.
તું એક વાર બોલે જો,
તને રત્નપ્રભા બોલાવે,
તને ચંદ્રિકા બોલાવે,
ના હું નહિ બોલું.
કલબલ કરતી કાબર બેની
તું એક વાર બોલે જો,
તું…બે વાર બોલે જો,
તને રજનીભાઈ બોલાવે,
તને અશોકભાઈ બોલાવે,
…ના હું નહિ બોલું.

☆ સમાપ્ત ☆

## —: અનુક્રમ :—


મધુવનમાં ... ... ... ... ૩
તમે પ્રીત તોડો પ્રભુ ... ... ... ૪
તુમસે લગી તાલી ... ... ... ૪
છનનન છુમ છુમ ... ... ... ૫
લે ને તારી લાકડી ... ... ... ૫
રથ ફેરો ગોકુળ રથવાળા ... ... ... ૬
માધવ નાચે ... ... ... ... ૭
અડવડ દડવડ નગારાં વાગે ... ... ... ૮
ગોઝારો મેહુલો ... ... ... ... ૯
વાદળ ઉમટ્યાં ... ... ... ... ૧૦
બ્હેનબા પાણી ભરે ... ... ... ૧૦
મોગરાની માળ ... ... ... ... ૧૧
નાચે છે મોર ... ... ... ... ૧૨
હંસનું ગાણું ... ... ... ... ૧૨
છબછબિયાં ... ... ... ... ૧૩
ફૂલ મારાં ... ... ... ... ૧૪
સીચું છું પાણી ... ... ... ... ૧૫
આમંત્રણ ... ... ... ... ૧૬
ફેર ફૂંદરડી ... ... ... ... ૧૭
પ્રભાતનો છડીદાર ... ... ... ૧૮
મારૂં વતન... ... ... ... ... ૧૯
લવિંગ કેરી લાકડીએ ... ... ... ૨૦
બાલમંદિરીયું ... ... ... ... ૨૧
દે દેવી વરદાન ... ... ... ... ૨૨
મેંદી ... ... ... ... ... ૨૩
કેશુંડાં, ઉંદરમામા ... ... ... ૨૪
આવ મારા પોપટ ... ... ... ૨૫
તું એક વાર બોલ જો ... ... ... ૨૬

*Kalbadevi Balkan-ji-Bari,*
431, Kalbadevi Road,
BOMBAY, 2.